

# પૃથ્વી-૨ મિસાઈલનું પુનઃ સફળ પરિક્ષણ

## મિસાઈલ ૩૫૦ કિલોમીટર ત્રાટકવામાં સક્ષમ : ઓરિસ્સાના લશ્કરે બેઝથી મિસાઈલનું સફળ પરીક્ષણ કરાયું : ૧૦૦૦ કિલોગ્રામ વોરહેડ લઈ ત્રાટકવામાં સક્ષમ

બેલ્લાસોર,તા.૭ ભારતે આજે સ્વદેશી રીતે વિકસીત કરવામાં આવેતી અતિ આધુનિક પૃથ્વી-૨ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું. આ મિસાઈલ ૫૦૦થી ૧૦૦૦ કિલોગ્રામ વોરહેડ લઈને ત્રાટકવામાં સક્ષમ છે. આ મિસાઈલની રેન્જ ૩૫૦ કિલોમીટરની છે. ઓરિસ્સાના બેલ્લાસોર નજીક ચાંદીપુર ખાતે ટેસ્ટ રેન્જથી આનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. છેલ્લે ૩જી ડિસેમ્બરના દિવસે આ મિસાઈલનું આ જ જગ્યાએથી પરીક્ષણ કરવામાં આવ્યું હતું. સૈના દ્વારા યુઝર ટ્રાયલના ભાગરૂપે પરીક્ષણનો દોર ચાલી રહ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ ઓરિસ્સાના પાટનગર ભુવનેશ્વરથી આશરે ૨૩૦ કિલોમીટરના અંતરે સ્થિત બેલાસોર જિલ્લામાં ચાંદીપુર દરિયાકાંઠે ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેન્જથી આ મિસાઈલનું સવારે ૯.૪૮ વાગે સફળ રીતે પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૯૮ | ૮ જાન્યુઆરી, ૨૦૧૪, બુધવાર; પોષ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# સચિવાલય સંકુલમાં ૧૫૦ સી સી કેમેરા લગાવાશે

## ૮ કરોડના ખર્ચનો અંદાજ : એક કિ.મી.ની ત્રિજયામાં બનતી હલચલ આ કેમેરામાં કેદ થશે

ગાંધીનગર, તા.૭ ગાંધીનગર શહેરમાં હવે સરદાર પટેલ ભવન અને વિઠ્ઠલભાઈ પટેલ વિધાનસભા ભવન એ સૌથી વધુ સલામત બનશે. આ બંને સંકુલમાં સલામતિ માટે ૧૫૦ જેટલા સી.સી. કેમેરા ટી.વી. લગાવી નાનામાં નાની વસ્તુને કેમેરાથી કેદ કરવામાં આવશે.

રૂ. ૮ કરોડથી પણ વધુ ખર્ચે આ આધુનિક ટેકનોલોજી ધરાવતા કેમેરાના મોનીટરીંગ માટે ખાસ સર્વર ઉભું કરાશે એટલું જ નહિ ૧૦ થી પણ વધુ મોનીટરીંગ સ્ક્રીન પર સતત નજર રખાશે.


રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ઝેડ પ્લસ સુરક્ષા ધરાવે છે. તેમને મળી રહેલી વારંવાર ધમકીઓને પગલે પોલીસ તંત્ર એ સલામતિના પગલાંને વધુ અસરકારક બનાવવા માટે ખાસ સી.સી. કેમેરા ટી.વી. લગાવવાનું નક્કી કર્યું છે.મળતી વિગતો પ્રમાણે સ્વર્ણીમ સંકુલમાં ૮૦થી વધુ સી.સી. ટી.વી. કેમેરા લગાવવામાં આવી રહ્યા છે. એક કિ.મી.ની રેન્જમાં બનતી ઘટનાઓ અને હલચલ પર આ કેમેરા નજર રાખશે. જયારે બાકીના કેમેરા સચિવાલય સંકુલના તમામ બ્લોકના પ્રવેશદ્વાર અને લીફટ તેમજ સી.ડી. પાસે લગાવવામાં આવનાર છે. આ ઉપરાંત કેમ્પસને ફરતે દરેક સર્કલ પર તેમજ પાર્કિંગ પ્લેસીસ પર પણ આ કેમેરા લગાવવામાં આવનાર છે.

આ સી.સી. ટી.વી. કેમેરમાં કેદ થયેલી હલચલ ૯૦ દિવસ સુધી રેકર્ડ થઈ શકશે.

સચિવાલય સંકુલમાં હેલિપેડ પણ બનાવી દેવાયું છે. હવે સી.સી.ટી.વી. કેમેરાથી તમામ હલચલ પર નજર રખાશે. એક કિ.મી. સુધીની કવરેજ ક્ષમતા ધરાવતા આ કેમેરાઓ ૨૪ કલાક કાર્યરત રહેશે. આ કેમેરા હાઈ ડેફીનેશન ધરાવતા હોવાથી તેનો ખર્ચ વધુ થઈ રહ્યો છે.

સંકુલમાં ચારે બાજુ કેમેરા લગાવવાની કામગીરી હાલ પૂર જોશમાં ચાલી રહી છે અને આ માસના અંત સુધીમાં સંપૂર્ણ ફીટીંગની કામગીરી સંપન્ન થઈ જશે.

● અનુસંધાન પાન-૭ પર



વિદેશ પંખીઓ ગાંધીનગરને આંગણે - શિયાળાની મોસમમાં વિદેશના પંખીઓ ગુજરાતના અનેક વિસ્તારોમાં હરિયાળી અને હુંફાળા વાતાવરણને માણવા આવે છે... નળસરોવર, થોળનું તળાવ જેવા પ્રખ્યાત સ્થળોએ તો પક્ષીઓ ઉભરાય છે... પરંતુ આ વર્ષે ગાંધીનગરની હરિયાળીમાં પણ વિદેશીઓ પંખીઓ નજરે પડે છે... (તસવીર : દિપક જાની)

## NEWS બિટ્સ

**● અમેરીકામાં વસતા ભારતીયો મોદીનો પ્રચાર કરશે**

ભાજપના પીએમ પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને વોટ



આપવા માટે જો અમેરીકાથી તમારા પર ફોન આવે તો ચોંકશો નહી. કારણ કે ઓવર સીઝ ફ્રેન્ડસ ઓફ બીજેપીની ટીમ નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદે સ્થાપિત કરવા મેદાને પડી છે. આ સંસ્થાએ સ્વયંસેવકોની એક ટીમ તૈયાર કરી છે. દરેક સ્વયંસેવક ઓછામાં ઓછા ૨૦૦ કોલ કરશે. અમેરીકામાં 'મિશન ૨૦૧૪ ભાજપ ૨૭૨ પ્લસ' માટે કામ કરવા હજારો સ્વયંસેવકો તૈયાર થઈ રહ્યા છે. જેમાંથી અનેક લોકો પ્રચાર માટે ભારત જશે.

**● પિતાની ફિલ્મનું નિર્માણ કરશે અભિષેક બચ્ચન**

જુનિયર બી અભિષેક



બચ્ચન હવે પિતા અમિતાભ બચ્ચનની ફિલ્મનું નિર્માણ કરશે. આર. બાલ્કીની આ ફિલ્મનું દિગ્દર્શન કરશે. ફિલ્મમાં અમિતાભ બચ્ચન ઉપરાંત કમલહસનની પુત્રી અક્ષરા હસન અને ધનુષની મુખ્ય ભૂમિકા છે. અક્ષરા હસન આ ફિલ્મથી બોલીવૂડમાં પર્દાપણ કરી રહી છે.

**● વિશ્વની સૌથી મોંઘી કાર લેમ બોર્ગિની વનેનો**

યુએઈમાં દુનિયાની સૌથી મોંઘી કારને લોન્ચ કરવામાં આવી છે. બહુ જાણીતી કાર કંપની લેમ



બોર્ગિનીએ તાજેતરમાં જ અબુધાબીમાં તેની નવી કાર વનેનો રોડસ્ટારને લોન્ચ કરી છે. આ કાર ૭૫૦ હોર્સ પાવર અને ૧૨ સિલિન્ડરનું એન્જીન ધરાવે છે. આ કારની કિંમત છે ૬૦ લાખ દિરહાર એટલે કે અધધ ૨૭ કરોડ ૩ લાખ રૂપિયા. ટેક્સ સાથે તેની કિંમત ૨૭ કરોડ ૩૦ લાખ સુધી પહોંચી જાય છે. આથી જ આ કાર વિશ્વની સૌથી મોંઘી કાર બની ગઈ છે.





પાલનપુરના સીટીલાઈટ સિનેમા રોડ પર બપોરના સુમારે મારૂતીવાન ધડાકાભેર સળગી ઉઠતાં ભારે દોડધામ મચી ગઈ હતી. ડ્રાઈવર અને નાનકડી બાળકી સમયસૂકતા વાપરી બહાર કૂદી પડતાં તેમનો આબાદ બચાવ થયો હતો. ફાયરબ્રિગેડ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જો કે તે પહેલા જ ગાડી બળીને ખાખ થઈ ગઈ હતી. બનાવની વાત સમગ્ર પાલનપુરમાં વાયુવેગે પ્રસરતા ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. *(તસવીર : હરેશ જોષી, પાલનપુર)*

# જન્મ-મરણની નોંધણીમાં તંત્રની ઉદાસીનતા

## જિલ્લાની નબળી કામગીરીથી ચોંકી ઉઠેલું તંત્ર; તલાટીઓની ઘટ અને સંકલન નબળું હોવાથી કામગીરી પર વિપરીત અસરો

ગાંધીનગર, તા.૭ ગાંધીનગર જિલ્લામાં જન્મ-મરણ અને લગ્ન નોંધણીમાં તંત્રની ઉદાસીનતાને લઈ રાજય સરકારે ગંભીર નોંધ લઈ આ માટે જવાબદારોને કડક તાકીદ કરવા માટે સૂચવ્યું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ડિસેમ્બર અંતિત સુધીમાં જન્મ નોંધણીની કામગીરી જિલ્લામાં માત્ર ૫૨ ટકા જેટલી થઈ છે તો મરણ નોંધણીની કામગીરી ૪૩ ટકા જેટલી થઈ છે. આ ઉપરાંત લગ્ન નોંધણીની કામગીરી પણ ૩૬ ટકા જેટલી જ થઈ હોવાનું ધ્યાને આવતાં તંત્ર વાહકો ચોંકી ઉઠયા છે.

મળતી વિગતો પ્રમાણે ગ્રામ્ય સ્તરે તલાટીઓની ઘટ હોવાથી તેની નોંધણીમાં વિલંબ થઈ રહ્યો છે. આ ઉપરાંત પંચાયતમાં પણ ઘણી બધી અનિયમિતતાઓ જણાઈ રહી છે. તલાટીઓની ઘટ ૫૦ થી પણ વધુ છે તેમજ વી.ઈ.સી. સાથે સંકલનનો અભાવ સૌથી જવાબદાર હોવાનું મનાઈ રહ્યું છે.

ડિસેમ્બર ૨૦૧૩ સુધીમાં જિલ્લામાં માત્ર ૧૯,૬૫૪ જેટલા જ બાળકોના જન્મની નોંધણી થઈ શકી છે. ગાંધીનગર અને દહેગામમાં ૪૫ ટકાથી પણ ઓછી કામગીરી જન્મ નોંધણીની થઈ હોવાનું જાણવા મળેલ છે.

મરણની નોંધણીમાં પણ સૌથી વધુ ખરાબ કામગીરી કલોલ તાલુકામાં થઈ હોવાનું જાણવા મળેલ છે. જે માત્ર ૩૧.૭૪ ટકા જેટલી જ થઈ છે તો દહેગામમાં ૪૧ ટકા, ગાંધીનગરમાં ૪૬ ટકા અને દહેગામમાં ૫૩ ટકા જેટલી કામગીરી સંપન્ન થઈ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં લગ્ન નોંધણી માટે પણ ઓછી જાગૃતિ જોવા મળી રહી છે. આ માટે તંત્રએ ખાસ અભિયાન છેડવાની વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે. બાળ લગ્નોની પ્રથાને કારણે ઓછી નોંધણી થઈ હોવાનું તેમજ લગ્ન નોંધણી માટે સામાજિક જાગૃતિનો અભાવ પણ જવાબદાર હોવાનું તંત્રના અધિકારીઓ માની રહ્યા છે.

જિલ્લામાં સેકસ રેસિયો જયારે ચિંતાજનક જણાઈ રહ્યો છે ત્યારે તંત્રની ઉદાસીનતા એ સૌની ઉંઘ ઉડાડી દીધી છે. સુયોગ્ય સંકલન નહિ હોવાને કારણે નબળી કામગીરી થઈ રહી છે. ગત વર્ષે ભારત સરકારના આરોગ્ય મંત્રાલયે તો કયાં પી.એચ.સી. અને સી.એચ.સી.માં નબળી કામગીરી છે તેની વિગતો સાથે પત્ર લખ્યો હતો પરંતુ હજુ તંત્ર તેની કામગીરીમાં સુધાર લાવી શકયું નથી તેથી રાજયના અધિકારીઓ પણ ચિંતાતુર બન્યા છે.

# અડવાણીએ સફાઈ માટે ૮ લાખ ફાળવ્યા

## ગાંધીનગરના સાંસદ લાલકૃષ્ણ અડવાણીએ મનપાને સ્વચ્છતા અભિયાન માટે ૫ લાખ અને જાહેર સ્થળો પર ડસ્ટબીન મુકવા ૩ લાખ ફાળવવા સૂચવ્યુ છે

ગાંધીનગર, તા. ૭ ગાંધીનગર મહાનગરપાલિકામાં વિકાસના કામો માટે સાંસદ શ્રી લાલકૃષ્ણ અડવાણીએ રૂ. ૮ લાખની ફાળવણી કરી તેની જાણ મનપાના અધિકારીઓને કરી છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં સ્વચ્છતા અભિયાનને વધુ અસરકારક બનાવવા માટે શ્રી અડવાણીએ રૂ. ૫ લાખની ફાળવણી કરી છે. જેમાં જાહેર સ્થળો અને વાણિજ્ય વિસ્તારોમાં ડસ્ટબીન ફાળવાવા માટે સૂચવ્યું છે.

આજ પ્રમાણે ઘ-૧ નજીક પીક-અપ સ્ટેન્ડ સરખેજ તરફ જતા વાહનો માટે બનાવવા રૂ. ૩ લાખની ફાળવણી કરી છે.

ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા અભિયાન માટે સંસદસભ્યશ્રીએ પોતાની પ્રથમવાર ગ્રાન્ટ ફાળવી છે. ગાંધીનગરના જીમખાનામાં ટેનિસ કોટ માટે અગાઉ શ્રી અરૂણ જેટલીએ રકમ ફાળવી હતી.

શ્રી અડવાણીએ આ રકમની ફાળવણી કરતા પત્રની નકલ મ્યુનિ. કમિશ્નરને મોકલી આપી છે. તેમણે ખાસ કરીને ઈન્ફોસીટી તેમજ નવા સેકટરોમાં સફાઈ માટે ડસ્ટબીન જાહેર સ્થળોએ મુકવામાં આવે તેવો આગ્રહ કર્યો છે. શ્રી અડવાણીએ આ ગ્રાન્ટની ફાળવણી અંગેની જાણ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી આશિષ દવેએને પણ કરી હોવાનું જાણવા મળેલ છે.

# હવે, ઉત્તરાયણ બાદ નવા મંત્રીઓ સ્વર્ણિમ સંકુલમાં બેસશે

ગાંધીનગર, તા. ૭ કમુરતા ઉતર્યા બાદ એટલે કે ૧૪મી જાન્યુઆરી બાદ રાજ્યકક્ષાના મંત્રીઓના કાર્યાલયો નવનિર્મિત સ્વર્ણિમ સંકુલ-૨માં શીફ્ટ કરવામાં આવશે.

નવા સચિવાલય સંકુલમાં વિધાનસભા બિલ્ડીંગની આજુબાજુમાં બે નવા સ્વર્ણિમ સંકુલોનું નિર્માણ કરવામાં આવ્યું છે. સ્વર્ણિમ સંકુલ-૧માં મુખ્યમંત્રી અને કેબીનેટ કક્ષાના મંત્રીઓના કાર્યાલયો આવેલા છે.

જ્યારે વિધાનસભા સંકુલના પાછળના ભાગે સ્વર્ણિમ સંકુલ-૨નું નિર્માણ કરવામાં આવ્યું છે. આ સંકુલ પણ તૈયાર થઈ ગયું છે અને હાલમાં ફર્નિચરનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. ૧૪મી જાન્યુઆરી બાદ નવા સચિવાલયના બ્લોક નં. ૨માં બેસતા રાજ્યકક્ષાના મંત્રીના કાર્યાલયોને શીફ્ટ કરીને નવનિર્મીત સ્વર્ણિમ સંકુલ-૨માં ખસેડવામાં આવશે.

આમ કમુરતા ઉતર્યા બાદ રાજ્યકક્ષાના મંત્રીઓ ૧૫મી જાન્યુઆરી બાદ સ્વર્ણિમ સંકુલ-૨માં બેસશે.

બીજી બાજુ નવા સચિવાલયના બ્લોક નં. ૧ ખાલી થતાં ત્રીજા માળેથી મુખ્ય સચિવનું કાર્યાલય ખસેડીને પાંચમા માળે શીફ્ટ કરવામાં આવ્યું છે. જ્યારે બ્લોક નં. ૧માં ત્રીજા માળે સામાન્ય વહીવટ વિભાગમાં કાર્યરત ચૂંટણી પ્રભાગનું સમગ્ર કાર્યાલય શીફ્ટ કરવામાં આવનાર છે. ધીરે ધીરે સામાન્ય વહીવટ વિભાગને બ્લોક નં. ૭માંથી શીફ્ટ કરીને બ્લોક નં. ૧ માં લાવવા માટેની વિચારણા ચાલી રહી હોવાનું જાણવા મળે છે.

R WORLD BIG Cinemas




R World BIG Cinemas, Ahmedabad-Mehsana Highway, Adalaj
Sholay (U) - 12 noon, 4.00 & 9.15 pm
Mr Joe B Carvalho (U/A) - 1.00, 3.30, 7.00 & 10.15 pm
Dhoom 3 (U/A) - 11.30 am, 3.00, 6.30 & 10.00 pm *schedule subject to change
telebooking 09377458281/09377458431 | www.bigcinemas.com | facebook.com/BigCinemasIndia

આપના અવસરને ઉત્સવ બનાવો...
અમારે સંગ આપ આપની ઉજવણીને જીવનભર સાચવી શકશો
લગ્ન પ્રસંગ
રીસેપ્શન
સંગીત સંધ્યા
બર્થ-ડે પાર્ટી
એડ-ફિલ્મ
ડોક્યુમેન્ટરી ફિલ્મ
Videography & Photography
મો. ૯૮૨૪૮ ૨૮૧૬૯
Web Designing
Live Video Coverage
vivify
Vision Video Films Production
C-202, 2nd Floor, Swagat Rain Forest-III, KH-Road, Hadmatiya, Gandhinagar.

ધો. 12th સાયન્સ પછી શું ?
આપને મુંઝવતા પ્રશ્નોનો ઉકેલ અમારા દ્વારા
• કઈ શાખાની પસંદગી કરવી ?
• એડમીશન પ્રક્રિયા વિશે માહિતી ?
• સારી ટકાવારી લાવવા માટે શું ?
MBBS BDS, BPT, BHMS, BAMS...
ફ્રી માર્ગદર્શન સેમિનાર ડૉ. ઉમેશ ગુર્જર દ્વારા
પ્રવેશ FREE
ધો. 11, 12ના વિદ્યાર્થીઓ-વાલીઓ અચૂક પધારો...
અમદાવાદ 12 જાન્યુઆરી | સુરત 26 જાન્યુઆરી
ગાંધીનગર 12 જાન્યુઆરી | ભાવનગર 02 ફેબ્રુઆરી
જુનાગઢ 19 જાન્યુઆરી | પાટણ 09 ફેબ્રુઆરી
ફ્રી માર્ગદર્શન બુકલેટ માટે Call / SMS કરો
રજીસ્ટ્રેશન માટે સંપર્ક : 079-26462255, 7383110023, 7383110686

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧